


# ડીસામાં વરસાદી પાણીનો નિકાલ ન થતા વેપારીઓનો નગરપાલિકા સામે રોષ

ડીસાના ભણસાળી હોસ્પીટલ રોડ ના વહેપારીઓ દ્વારા વરસાદી પાણીનો નિકાલ ન થતા પોતાની દુકાનો તેમજ બગીચાથી ભણસાળી હોસ્પીટલ રોડ સજ્જડ બંધ કરી ડીસા નગરપાલિકા સામે રોષ ઠાલવ્યો હતો. વહેપારી મથક ડીસા શહેરમાં ગંદકી, કચરો, રોડ ઉપર પડેલા ખાડાઓ, પાણીનો નીકાલ ન થવો વિગેરે ઉપર દૈનિક અખબારોમાં રોજે રોજ અહેવાલો છપાય છે છતાં ડીસા નગરપાલિકાના આળસુ કર્મચારીઓની ઉંઘ ઉડતી નથી, ત્યારે આજ રોજ ડીસાના બગીચાથી ભણસાળી હોસ્પીટલ રોડ ના વહેપારીઓ દ્વારા તેઓની દુકાના આગળ વરસાદી પાણીના નિકાલ માટેની કોઈજ વ્યવસ્થા નથી તે માટે વરસાદી સીઝમાં તેઓની દુકાનો આગળ સતત પાણી ભરાયેલું રહે છે તેમજ આ પાણી દુર્ગંધ મારતુ હોવાથી રોગચાળો ફાટી નિકળવાની પણ શક્યતા છે. સ્થાનિક વહેપારીઓના જણાવ્યા મુજબ કે, અમોએ ડીસા નગરપાલિકાને વારંવાર લેખીત તેમજ મૌખીક રજુઆતો કરેલ છે છતાં પણ હજુ સુધી કોઈજ પ્રકારની કાર્યવાહી હાથ ધરાઈ નથી તેથી આજ રોજ અમારે ન છુટકે અમારી દુકાનો તેમજ બગીચાથી ભણસાલી રોડ બંધ કરવો પડેલ છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## આણંદનગરમાં ગેસ લાઈનો નાખતા ખાડાખોદાતાં જનતાને હાડમારી

આણંદ નગરપાલિકાના વિસ્તારમાં ચરોતર ગૅસ સરકારી મંડળી દ્વારા ગેસ લાઈનો નાંખવામાં આવી રહી છે. આ લાઈનો નાંખવા માટે રોડની બાજુમાં પથી ૩ મીટરના અંતરે ખાડા કરવામાં આવ્યા છે. આ ખાડાઓમાં માટી પૂરાણ કરવાથી ચોમાસામાં ધોવાઈ જતાં ખાડાઓ મોટા થતાં પાણી ભરાઈ ગયા છે. આ ખાડાઓમાં ગાયો પડવાના, નાના બાળકો પડી જવાના, વાહન ચાલકો ફસડાઈ પડયાના અકસ્માતો વધ્યા છે તો આ ખાડાઓ તાત્કાલિક પુરાણ કરી સરખા કરવાની જરૂર છે. વોડ નં. ૬માં પ્રિયદર્શની પ્રણય સોસાયટીમાં આવા ખાડાઓથી મુશ્કેલી વધી છે.

## ડીસા જમનાબાઈ શાળામાં છતનો પોપડો તુટતા વિદ્યાર્થીઓમાં ભય ફેલાયો

ડીસા, તા. ૧૭

ડીસા શહેરમાં આવેલી જમનાબાઈ પ્રાથમિક શાળામાં આજે સવારના સુમારે ધડાકાભેર છતના પોપડા તુટી પડ્યા હતા. જેથી શાળામાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓમાં ભય વ્યાપ્યો હતો. શાળાના ૬ મકાનો ઘણા જુના છે. જો કે યોગ્ય મરામ્મતના અભાવે વારંવાર બનતી આવી ઘટના કોઈ દિવસ જીવલેણ બની શકે છે. તેવી પરિસ્થિતિ શાળામાં સર્જાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડીસા શહેરની મધ્યમાં જમનાબાઈ શાળા આવેલી છે. ૧ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ શાળામાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી આવે છે. જો કે શાળાના ૬ ઓરડા જેમાં બાળકો અભ્યાસ કરે છે. તે છેલ્લા ત્રણ વર્ષથી ભયજનક સ્થિતિમાંછે. સતત મોતના ઝળુંબતા ખતરા નીચે બેસીને બાળકો અભ્યાસ કરે છે. શાળાની સરકારી તંત્ર દ્વારા દેખરેખ રાખવામાં આવે છે. છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી ચોમાસાની ઋતુમાં ભેજ લાગવાથી વારંવાર ઓરડામાં છતના પોપડા પડે છે. તંત્રને અનેકવાર રજુઆતો કરવા છતાં પણ તંત્રના અધિકારીઓ દ્વારા આ અંગે ઉદાસીનતા દાખવામાં આવે છે. અને જાણે કોઈ મોટી ઘટના ઘટે તેની રાહ જોઈને બેઠા હોય તેમ લાગી રહ્યું છે. આ તમામ બાબતો વચ્ચે આજે સવારના સુમારે શાળાના છતના પોપડા ધડાકાભેર તુટી પડતા વિદ્યાર્થીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોપડો જ્યાંથી પડ્યો ત્યાંથી થોડે ક દૂર બેસીને બાળકો અભ્યાસ કરતા હતા. જો કે સદનસીબ તેમનો બચાવ થયો હતો. પોપડુ એટલુ મોટુ વજનદાર હતુ કે વિદ્યાર્થીઓ ઉપર પડ્યું હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. તેવું લોકોનું કહેવું છે. ઘટનાની જાણ શાળાના આચાર્યએ કેળવણી નિરિક્ષક અશ્વિન પટેલને કરતા તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોચ્યા હતા અને માહિતી મેળવી હતી. શાળાના આચાર્ય નયનાબેન ઠક્કરે જણાવ્યું હતું કે આવા અકસ્માત શાળામાં અવારનવાર થાય છે. પરંતુ કોઈ નક્કર કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવતી નથી.

## ભિલોડાના મોહનપુર પાસે બે જણાને માર મારી કાર લઈ ફરાર

હિંમતનગર, તા. ૧૭

ભિલોડા તાલુકાના મોહનપુર પાસે ગતરાત્રીએ આઠ અજાણ્યા શખ્સોએ બે ઈસમોને માર મારી રૂ. ૨૦ સહિત કારની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ભિલોડા પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડાથી ટીંટોડા માર્ગ પર ગત રાત્રીના સમયે અમદાવાદથી પોતાની સ્વીફ્ટ કારમાં અર્જુનભાઈ પટેલ અને દિપકભાઈ ત્રિવેદી ભિલોડા આવી રહ્યા હતા. તે દરમ્યાન મોહનપુર પાસે પેશાબ કરવા માટે અવાવરૂ જગ્યા પર ઉભા રહ્યા હતા. ત્યારે એક બોલેરો જીપમાં આઠ અજાણ્યા શખ્સોએ ઉભી રહેલી સ્વીફ્ટ કાર પર હૂમલો કર્યો હતો. કારમાં બેસતા દિપકભાઈ અને અર્જુનભાઈ બંને જણાને માર મારી માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને તેમની પાસે રહેલા રોકડા રૂપિયા ૨૦ હજાર અને કારની લૂંટ ચલાવી ભાગી ગયા હતા. બંને ઈજાગ્રસ્તોને ભિલોડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા.

## ખેડબ્રહ્મા શહેરમાં એક જ રાત્રીમાં બે મંદિર અને એક મકાનનાં તાળાં તૂટ્યાં

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા શહેરમાં એક જ રાત્રીના બે મંદિર અને એક મકાન સહિત ત્રણ સ્થળે ચોરીના બનાવ બનતા નગરમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરમાં ગત મોડી રાત્રે કેટલાક તસ્કરો સક્રિય બન્યા હતા અને વાસણા રોડ પર આવેલ હનુમાન મંદિર અનો રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રીયા દે મંદિરને નિશાન બનાવ્યું હતું અને મંદિરમાં પ્રવેશી તેમાંથી દાનપેટી તોડી રૂપિયા લઈ ગયા હતા જ્યારે ખેડબ્રહ્મા વડાલી તરફ ઉન્ડવા વિસ્તારમાં હાઈ-વે પર જયંતિભાઈ ભુરીયાના મકાનમાં ચોરીનો બનાવ બનવા પામ્યો હતો અને હજારોની મત્તા લઈ પલાયન થઈ ગયા હતા. આ ચોરીના બનાવથી શહેરમાં ભારે ભય ફેલાયો છે.

## ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના

ગાંધીનગર,તા.૧૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે રાજ્ય સરકાર દ્વારા શહેરી ક્ષેત્રની ચાર આવસ યોજનાઓને મંજુરી આપવામાં આવી હતી. ઝુપડપટ્ટી પુનઃવસન તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકો (ઈડબલ્યુએસ) માટે આવાસો બનાવવા માટે રાજ્ય સરકારની સહાયની યોજના મંજુર કરવામાં આવી છે. ફાળવાયેલા આવાસનું સ્ટેમ્પ ડ્યુટી રજીસ્ટ્રેશન માત્ર ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર કરાશે. ઝૂંપડપટ્ટી પુનર્વસન માટેની યોજના નીચે મુજબ છે.

- ઝુપડપટ્ટી પુનઃવાસન અને આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે આવાસોનો લઘુત્તમ કરાપેટ વિસ્તાર ૨૫ ચો.મી. તેમજ મહત્તમ ૩૦ ચો.મી. રહેશે જેમાં બે રૂમ, રસોડું, બાથરૂમ અને ટોયલેટ સાથે સુવિધાયુક્ત આવાસ બનાવવામાં આવશે.
- ફાળવાયેલ આવાસનું સ્ટેમ્પ ડ્યુટી રજીસ્ટ્રેશન ફક્ત રૂા. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર કરવામાં આવશે.
- મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તથા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારોમાં હયાત ઝુપડપટ્ટીને પુનઃવસન કરી તે જ જગ્યાએ આવાસો બાંધવામાં આવશે. જે ઝુપડપટ્ટીનું પુનઃવાસન તે જ સ્થળે કરવું શક્ય નથી તેનું સરકારી યુએલસી / યુએલબી / જીએચબી ની જમીનો પર પુનઃવસન કરવામાં આવશે.
- તા. ૧-૧૨-૨૦૧૦ અથવા તો તે પહેલાથી ઝુપડપટ્ટીમાં વસતા ગરીબો માટે આ યોજનાનું અમલીકરણ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તથા શહેરી વિકાસ સત્તામંડળે / વિસ્તાર વિકાસ સત્તામંડળો દ્વારા કરવામાં આવશે અને રાજ્ય સરકાર દ્વારા તે માટે સહાય આપવામાં આવશે.
- અમલીકરણ એજન્સી દ્વારા સ્લમ સર્વે, રેશન કાર્ડ, મતદાર ઓળખપત્ર પૈકી કોઈ પણ બે પુરાવાના આધારે લાભાર્થીઓની પસંદગી થશે.
- ઝુપડપટ્ટી પુનઃવસનની જે યોજનાઓ માટે કેન્દ્ર સરકારની સહાય મંજુર થાય તે યોજનાઓ માટે રાજ્ય સરકાર નિયત ફાળો આપશે.
- ૯.૦ મીટર કે તેનાથી ઓછી પહોળાઈના રસ્તા પર જી+૩ પ્રકારના મકાનો બનાવવામાં આવશે. ૯.૦ થી ૧૮.૦ મીટર પહોળાઈના રસ્તા પર જી+૫ પ્રકારનો મકાનો, ૧૮.૦ મીટરથી વધુ પહોળા રસ્તા પર જીડીસીઆર મુજબની ઉંચાઈવાળા લીફ્ટની સગવડતા સાથેના મકાનો બનાવી શકશે.

## પાલનપુરમાં રહેણાંક મકાનમાંથી કૂટણખાનું પકડાયું

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠાના પાલનપુર શહેરમાં મોટા ભાગના રહેણાંક વિસ્તારના મકાનો, સોસાયટીઓમાં મકાનો ભાડે રાખીને પરપ્રાંતિય યુવતીઓ બોલાવીને દેહવેપારનો ધંધો કેટલાક દંપતિ તથા મહિલાઓ ચલાવી રહી છે. તેવી ફરિયાદો ઉઠતા ડીવાયએસપીએ ગંભીરતા દાખવી આવા તત્વો સામે લાલ આંખ કરી હતી અને ડમી ગ્રાહક મોકલીને કુટણખાનુ ચલાવતી મહિલા અને યુવતીની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર પાલનપુર શહેરના હમીરબાગ સોસાયટીમાં ખુલ્લેઆમ છેલ્લા ઘણા સમયથી કુટણખાનુ ચાલતુ હોવાની બાતમી ડીવાયએસપી મનોહરસિંહ જાડેજાને મળતા તેઓએ આ મામલે તુરંત જ ડી. સ્ટાફને સાથે રાખીને એક ડમી ગ્રાહકને હમીરબાગ સોસાયટીમાં મોકલ્યો હતો. ડમી ગ્રાહકનો ઈશારો મળતા જ પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો અને કુટણખાનુ ચલાવતી જ્યોતિબેન ઉર્ફે જ્યોત્સનાબેન મનોજકુમાર જોષી તેમજ ૩૩ વર્ષની એક યુવતી સહિત બે મહિલાઓને ઝડપી પાડ્યા હતા અને બન્ને વિરૂદ્ધ પૂર્વ પોલીસમથકમાં ગુનો નોંધી આગામી કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાના પગલે દેહવ્યાપારની પ્રવૃત્તિ કરતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

## આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે આવાસ યોજના

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારની આવાસ નિતીની જાહેરાત કરાઈ હતી. જેના ભાગરૂપે ચાર જુદી-જુદી યોજનાઓને લીલી ઝંડી આપવામાં આવી છે. આર્થિક રીતે નબળા લોકો માટે આવાસો બનાવવાની યોજના પણ જાહેર કરાઈ છે. આ યોજનાની વિશેષતા નીચે મુજબ છે.

- મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી વિકાસ સત્તામંડળો વિગેરેની આ હેતુ માટે પ્રાપ્ય થયેલી જમીનો ઉપર બાંધકામ થઈ શકશે તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલ (ગુ.હા.બોર્ડ) હસ્તકની જમીનનો ઉપયોગ પણ આ યોજના માટે થઈ શકશે.
- વાર્ષિક રૂા. ૧ લાખ સુધીની આવક મેળવનારા વર્ગોનો માપદંડ આ આવાસ યોજનામાં રખાયો
- ગરીબ અને આર્થિક નબળા વર્ગના પરિવારોને આવાસ પુરા પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ, વિસ્તાર વિકાસ સત્તામંડળને આવાસ દીઠ રૂા. ૧,૦૦,૦૦૦ ની સહાય અપાશે.
- આ યોજના હેઠળ મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ, વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા લાભાર્થી પાસેથી સહાય ઉપરાંત બાકી રહેતી કિંમત રૂા. ૩,૦૦,૦૦૦ બે પૈકીની ઓછી રકમ લઈ શકાશે.
- આવાસ યોજના નિર્માણના સ્થળે આંતરમાળખાકીય સુવિધાઓ માટે રાજ્ય સરકાર દ્વારા મકાન દીઠ મહત્તમ રૂા. ૫૦,૦૦૦ સુધીની સહાય અમલીકરણ એજન્સીને આપવામાં આવશે.
- આવાસ યોજના માટેની જમીન પર ૩.૦ સુધીની એફએસઆઈ આપવામાં આવશે.
- તમામ લાભાર્થીઓને (યુઆઈડી)માં નોંધણી કરાવવાની રહેશે.
- મકાનના બાંધકામની ગુણવત્તા જળવાઈ રહે તે માટે જરૂરીયાત મુજબ નિયમોનુસાર કરાશે

### રજૂઆત કરાશે.... ● છેલ્લા પાનાનું ચાલું

૧૫૩ ની જમીન નવી શરતવાળી હોવા છતાં વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યા છે. અંદાજે ૬૦ વિઘા જેટલી કરોડો રૂપિયાની કિંમતની આ જમીનોમાં નવી શરત હોવા છતાં વેચાણ દસ્તાવેજ કરીને સરકારમાં પ્રિમીયમ નહી ભરી લાખો રૂપિયાની ચોરી કરવામાં આવી છે. છેલ્લા ઘણાં વર્ષોથી સંબંધીત કર્મચારીઓ અને અધિકારીઓની મિલીભગતથી આ કૌભાંડ ચાલી રહ્યું છે. આ બાબતે નવેમ્બર-૨૦૧૨માં મામલતદાર અને કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું છે કે સર્વે નં. ૧૫૩ની જમીનમાં મુળ માલીક પુંજીબેન ગમાજી ઠાકોર ૨૮ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યા છે. પરંતુ ૧૯૩૦ થી ૧૯૮૦ સુધી ૭x૧૨ ના ઉતારામાં નવી શરતની રહેલી જમીનમાં ત્યારબાદ રેકર્ડ સાથે ચેડાં કરી કોઈ પ્રિમીયમ ભર્યા વિના જ જુની શરતની જમીન કરી નાંખવામાં આવી છે. આ મૃત મહિલાના ભાઈઓ સિવાય જમીનની વહેંચણી ના થઈ શકે તેમ છતાં તા. ૨૧-૮-૦૬ ના રોજ ૧૧/૬૬ થી નવી શરતમાંથી દુર કરાયેલી આ જમીન કોના સમયમાં કોણે અને કેવી રીતે કરી તેની તપાસ થવી જોઈએ. આ ઉપરાંત મોહનભાઈ લાલજીભાઈ રામી (માળી) એ પોતે ઠાકોર સમાજના નહી હોવા છતાં ૧૯૭૨માં ૭x૧૨ માં ૬૦૭ નોંધ નંબરથી પોતાના પિતાનું નામ દાખલ કરાવી ખોટી વહેંચણી કરી છે.

જેમાં મોહનભાઈ રામીએ ૧૯૯૪માં નોંધ નં. ૮૮૫ થી સ્વખુશીથી હક્ક દાખલ કરાવ્યો હતો. આ પછી ખેડૂત નહી હોવા છતાં આ જમીનનો તા. ૬-૭-૨૦૦૨ ના રોજ ૧૦૮૧ નોંધ નંબરથી પાર્વતીબેન ટપુભાઈ સાવલીયાના નામે વેચાણ દસ્તાવેજ કરાવ્યો હતો. જ્યારે નોંધ નં. ૧૧૮૨ થી તા. ૨૫-૧-૦૭ ના રોજ સ્વાતી મહેલુ ખત્રી વિગેરે સાથે વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો છે. મોહનભાઈએ આ જમીન નંબરના આધારે સુઘડ, કોબા, સોનારડા, ઝાક વગેરેમાં જમીન વેચાણ રાખી છે. પુર્વ સરપંચે વધુમાં જણાવ્યું છે કે આ જમીનોના મુળ માલીકના વારસદારોને તેમની જમીન વેચાણ અંગે કોઈ ખબર જ નથી. જ્યારે બીનખેડૂતોએ નવી શરતોની જમીનોમાં વેચાણ દસ્તાવેજ કરી પ્રિમીયમ ભર્યા વિના લાખો રૂપિયાની સ્ટેમ્પ ચોરી કરી છે. આ જમીનો શ્રી સરકાર કરવા માટે ગ્રામ પંચાયત તથા ગ્રામ સભામાં ઠરાવ કરી રજુઆતો કરવામાં આવી છે. જેમાં કલેક્ટરે તપાસના આદેશ કરવા છતાં છેલ્લા ૭ મહિનામાં જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ રીપોર્ટ કરવામાં આવ્યા નથી એજ રીતે એલસીબી દ્વારા હાથ ધરાયેલી તપાસમાં હજી સુધી કોઈ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી નથી. જો આ બાબતે તાત્કાલિક યોગ્ય તપાસ કરી ઘટતી કાર્યવાહી કરવામાં નહીં આવે તો મુખ્યમંત્રી સહીત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવશે.

### કમિશનર લાલઘૂમ...

● પહેલા પાનાનું ચાલું

તેમણે જણાવ્યું હતું કે સેનીટેશનની કામગીરી સાવ ઠપ્પ થઈ જવા પામી છે તે યોગ્ય નથી. અત્યંત કડક તાકીદ કરતાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ મારી તમને આખરી વોર્નિંગ છે હવે યોગ્ય કામગીરી નહિ કરનાર કર્મચારી અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી થશે એટલુ જ નહિ તેના ખાનગી અહેવાલમાં નોંધ કરવામાં આવશે.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ તંત્રમાં ફાઈલોના થયેલા ભરાવા સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે શહેરમાં વરસાદી પાણીના નિકાલની કાર્યવાહી માટે પણ જરૂરી પગલાં લેવા સહિતની કામગીરી અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. શહેરમાં પાણીના ક્લોરીનેસનને લઈ નિયમિત તપાસ થાય તે જોવા પણ જણાવ્યું હતું.

### સભા ગાજશે... ● પહેલા પાનાનું ચાલું

કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે કમિશ્નરશ્રીને એક પત્ર પાઠવી ૧૯ જેટલા મુદ્દાઓ ઉપસ્થિત કરી તે અંગેની સ્પષ્ટતા સામાન્ય સભામાં કરવા માંગ કરી છે.

શ્રી પટેલે તેમના પત્રમાં બી.પી.એમ.સી. એક્ટની જોગવાઈ અંતર્ગત જુદા જુદા વિભાગોની સત્તા મેળવવા માટે કરાયેલા પ્રયાસોની વિગતો માંગી છે. આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ મોબાઈલ કોર્ટની રચના, એડવાન્સ ટેક્ષ ભરે તો રિબેટની યોજના, સીટીબસ સંચાલનની વ્યવસ્થા સહિતના મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે.

ભાજપ દ્વારા એવુ કહેવામાં આવી રહ્યું છે કે કોર્પોરેશન હવે પ્રજાભિમુખ વહીવટની દિશામાં તેના ડગ ભરી રહ્યુ છે ત્યારે કોંગ્રેસ તેમાં વિઘ્નો ઉભા કરવાના પ્રયાસો કરશે તો અમે સાંખી લેશુ નહિ. બીજી તરફ કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી એવુ જાણવા મળ્યું છે કે સફાઈની સેવા પણ પુરી ક્ષમતાથી સંભાળી નહિ શકનાર ભાજપ પ્રજાભિમુખ વહીવટ કોને ગણે છે તેની અમને સમજ પડતી નથી. આ સૂત્રોએ જણાવ્યું છે કે ચોમાસામાં શહેરની સ્વચ્છતા નહિ જળવાય તો શું થશે ? શહેરની સ્વચ્છતા બાબતે તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી અમે તે અંગે પ્રજાનો અવાજ રજુ કરવામાં કોઈ કચાશ રાખીશુ નહિ. આમ બન્ને પક્ષોમાં રાજકીય ઉત્તેજનાનો માહોલ છવાયેલો હોઈ આ બેઠક તોફાની બને તેવા સંકેતો મળી રહ્યા છે.

### આવાસ નીતિ...

● પહેલા પાનાનું ચાલુ

હતી. આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં શહેરી આવાસો માટે શહેરી આવાસ યોજનાઓની દરખાસ્તોને મંજુરી આપી હતી. પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે નરેન્દ્ર મોદીની સરકારે જનાદેશ મેળવવા પહેલા, રાજ્યની જનતા સમક્ષ સૌને પોષાય તેવા શહેરી આવાસો (એફોર્ડેબલ અર્બન હાઉસીંગ પ્રોજેક્ટ) માટેનો સંકલ્પ રજુ કરેલો અને વર્તમાન સરકારના પ્રથમ વાર્ષિક અંદાજપત્રમાં જ મુખ્યમંત્રી આવાસ સમૃધ્ધિ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં શહેરી વિસ્તાર માટે ૨૮ લાખ શહેરી પરિવારોને સુવિધાવાળા આવાસના માલિક બનાવવા માટે મુખ્યમંત્રી આવાસ સમૃધ્ધિ યોજના જાહેર કરી હતી. પીપીપી જનભાગીદારી ધોરણ સહિત ચાર યોજનાઓનો અમલ કરવા માટે જોગવાઈ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધિ યોજના હેઠળ શહેરી વિકાસ મંત્રીઓના માર્ગદર્શનમાં ઝૂંપડપટ્ટી-પુનર્વસન યોજના, નવોદીત મધ્યમવર્ગ, ઓછી આવક ધરાવતા વર્ગો અને આર્થિક રીતે નબળા વર્ગોના પરિવાર માટે પરવળે તેવી કિંમતોમાં આવાસની સહાય યોજના રહેશે. આ યોજનાને ખૂબજ મહત્વપૂર્ણ તરીકે ગણવામાં આવે છે જે સામાન્ય લોકોને મોટી રાહત ઉપલબ્ધ કરાવે તેવી વકી છે.


**ઓન લાઈન**

**જાહેર નિવાદા (૨૦૧૩-૧૪)**

ચીફ ઓફિસરશ્રી - પાલનપુર નગરપાલિકા - પાલનપુર પીન કોડ નં. ૩૮૫૦૦૧ ફોન નં. ૦૨૭૪૨ - ૨૫૭૩૭૨ની કચેરીએથી ઓન લાઈન ટેન્ડર મે. મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના સ્વર્ણિમ જયંતિ યોજના હેઠળ પાલનપુર નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં આંગણવાડી માટે સરકારશ્રીની યોજના હેઠળ માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારેદાર પાસેથી ઓન લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ nttp:inprocure.com તથા www.statetendet.com ઉપર તા. ૨૨-૭-૨૦૧૩થી જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. આ કામોની વિગત નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. આ કામની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી રહેશે.

**ક્રમાંક : નામાનિ/પાલન/૧૭૦/૨૦૧૩-૧૪**

## શબ્દાવલી - ૫૧૨૨



### આડી ચાવી

૧. પાણી ભરવા જતી સ્ત્રી (૪)
૪. ખેલ, ગેમ (૩)
૭. જુદા જુદા વિચાર, વિચારોમાં ભિન્નતા (૬)
૮. બાણ,શર (૨)
૧૦. ગાદીપતિ, ધાર્મિક સંસ્થાના મઠાધિશ (૩)
૧૨. ઘરેણુ (૩)
૧૪. આકાશ (૨)
૧૫. દેખરેખ (૪)
૧૮. સુંદર, સરસ (૪)
૧૯. મિલ્કત, વાડી... (૩)
૨૧. પર્વતની નીચેની સપાટીને ... કહેવાય (૩)

### ઊભી ચાવી

૧. ચડતી અને ... તો જીવનનો ક્રમ છે (૩)
૨. હિંમત (૨)
૩. રહેણીકરણી (૪)
૪. રાત પડે દેખી ના શકે તેવું (૪)
૫. વોટ (૨)
૬. પાણીથી ભીનું થયેલું, લથપથ (૫)
૯. વેરણ-છેરણ (૬)
૧૩. માગણી (૨)
૧૫.દાનત (૩)
૧૬. છાવણી, તંબુ (૩)
૧૭. અંગત, પોતાનું (૨)
૨૦. સાડીની કિનારે મુકાતો વધારાનો પટ્ટો (૩)

### શબ્દાવલી ૫૧૨૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) હાલરડું (૪) રાવણ (૬) પડ (૭) ગરબડ (૯) અરજી (૧૦) લોરી (૧૨) તરંગ (૧૩) સ્ટડી (૧૪) નળ (૧૫) જવનિકા (૧૭) અડવી (૧૮) ગજરો (૨૦) દમામ (૨૧) કસરત

**ઊભી ચાવી :-** (૧) હાથવેંત (૨) લડ (૩) ડગર (૪) રાખ (૫) વડલો (૯) રજીસ્ટર (૯) અગમનિગમ (૧૧) રીસાવળી (૧૪) નડતર (૧૫) જલદ (૧૬) કામ (૧૯) રોક